R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અંક ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઇટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-27 • ISSUE: 09 DATE: 03-03-18• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિચી એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭










## અભિનેત્રી શ્રીદેવીના સંપુર્ણ રાજકીય સન્માન સાથે મુંબઇમાં અંતિમ સંસ્કાર : હજારો પ્રશંસકોની હાજરીમાં શ્રીદેવી પંચમહાભુતમાં વિલીન

બોલિવુડની સુપરસ્ટાર અભિનેત્રી શ્રીદેવીનો પાર્થિવ દેહ, પંચમહાભુતમાં વિલીન થઇ ગયો.મુંબઇમાં પરિવાર,મિત્રો સાથે હજારો પ્રશંસકોની આંખોમાં આંસુ સાથે શ્રીદેવીને અંતિમ વિદાય આપવામાં આવી.પતિ બોની કપુરે મુખાગ્નિ આપ્યો.દુબઇમાં થયેલા નિધન બાદ શ્રીદેવીનો મૃતદેહ મુંબઇ લાવ્યા બદા તેને સેલીબ્રેશન સ્પોર્ટસ કલબમાં રાખવામાં આવ્યો હતો.જયાં છેલ્લી વાર નવવધુની જેમ સજાવીને રાખવામાં આવેલા શ્રીદેવીના પાર્થિવ દેહને ફુલોથી શણગારેલા ટ્રકમાં સ્મશાન ગૃહે લઇ જવાયો હતો.શ્રીદેવીના અંતિમ સંસ્કાર અગાઉ લોખંડ વાલા કોમ્પલેક્ષમાં શ્રીદેવીના નિવાસસ્થાન ગ્રીન એકર્સથી થોડે દુર તેનો પાર્થિવ દેહ લાવવામાં આવ્યો હતો.જયાં પ્રાર્થનાનું આયોજન કરાયું હતું.જયાં તેમના તમામ કુટુબીજનો ઉપસ્થિત હતા.શ્રીદેવીના પાર્થિવ શરીરને લાલ કાંજીવરમની સાડી પહેરાવવામાં આવી હતી.તેમજ કપાળમાં ચાંદલો લગાવાયો હતો.વર્ષ ૨૦૧૩માં તેણીને પદ્મશ્રીનો ઈલ્કાબ એનાયત થયો હતો.તેણીના અંતિમ સંસ્કાર સંપુર્ણ રાજકીય સન્માન સાથે કરવાની જાહેરાત કરવામાં આવી હતી.જેને પગલે તેનો પાર્થિવ દેહ ત્રિરંગાથી વીટળાયેલો હતો.અને તેને બંધુકની સલામી આપવામાં આવી હતી.શ્રીદેવીની અંતિમ વિદાય આપવા માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો.લોકોની ભીડને કાબુમાં રાખવામાં પોલીસને ભારે જહેમત પડી હતી.કર્ણાટકથી પણ પ્રશંસકો ઉમટી પડ્યા હતા.

શ્રીદેવીની ફિલ્મોની કારકીર્દીમાં તેણે ભવ્ય સફળતાની સીડી જોઇ હતી.તેમની કેટલીક ફિલ્મોએ ભારે પ્રશંસા મેળવી હતી,જે પૈકીની કેટલીક ફિલ્મો યાદગાર બની રહેશે.અને તેમની આ ફિલ્મો લોકોના હૃદયમાં રાજ કરે છે અને કરશે.

## રાજ્યના નવા કાયમી ડીજીપી તરીકે શિવાનંદ ઝાની નિમણુંક

ગુજરાત રાજ્યના ડીજીપી તરીકે ગુપ્તચર વિભાગના વડા શિવાનંદ ઝાને કાયમી ડીજીપી તરીકે સરકારે નિમણુંક આપી છે.જો કે સીનીયોરી પ્રમાણે ઝા હકદાર હતા પરંતુ તેમને પ્રમોશન અપાયું નહોતું. લોકસભાની ૨૦૧૯ની ચુંટણીઓને ધ્યાનમાં રાખીને તેમને ડીજીપી બનાવાયા છે.

બે વર્ષ સુધી શિવાનંદ ઝા ડીજીપીનો પદભાર સંભાળશે.પી.સી.ઠાકુર બાદ બે વર્ષે રાજ્યમાં કાયમી ડીજીપીની નિમણુંક થઇ છે.૧૯૮૩ની બેચના મુળ બિહારના શિવાનંદ ઝા ૨૦૨૦ સુધી રાજ્યના ડીજીપી તરીકે રહેશે. અગાઉ તેઓ અમદાવાદ અને સુરત પોલીસ કમિશ્નર પદે, લો એન્ડ ઓર્ડરના એડિશનલ ડીજીપી તરીકે અને ગોધરકાંડ વખતે અમદાવાદના સંયુક્ત પોલિસ કમિશ્નર રહી ચુક્યા છે.રાજ્યના પોલીસવડાનો પદભાર સંભાળનાર ઝાએ રાજ્યમાં મહિલાઓની સુરક્ષાની બાબતને વધારે ભાર આપ્યો હતો.તેઓ અમદાવાદ શહેરના સુંયક્ત પોલીસ કમિશ્નર હતા ત્યારે તેમણે મહિલા સ્કવોર્ડ બનાવી હતી.

## મોદી સરકાર દ્વારા અમદાવાદથી ઉપડતા હજયાત્રીઓના વિમાની ભાડામાં ધરખમ ઘટાડો : મુસ્લીમોનું તુષ્ટીકરણ વગર સશક્તિકરણ

મુસ્લીમોના તુષ્ટીકરણના આરોપ વચ્ચે હજ સબસીડી બંધ કરનાર મોદી સરકારે હજ યાત્રીઓ માટે વધુ એક યોજના જાહેર કરી છે.હજ સબસીડી નાબુદ કર્યા બાદ બે મહિનામાં જ સરકારે હજ યાત્રા માટે વિમાની ભાડામાં ઘરખમ ઘટાડો કરી દીધો છે. લઘુમતી બાબતોના મંત્રી મુખ્તાર અબ્બાસ નકવીએ મહત્વનું પગલું ગણાવ્યુ છે . એટલું જ નહીં. નકવીએ તેનો યશ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આપ્યો હતો. સરકારે હજયાત્રાઓના વિમાન ભાડામાં કરેલો ઘટાડો એર ઈન્ડીયા, સાઉદી અરેબિયા અને ફલાયનેસ સહિતની એર લાઈન્સને લાગુ પડશે.ફલાયનેસ એરલાઈન્સ સાઉદીની એરલાઈન્સ છે. ભારતમાં ૨૧ એરપોપ્ટ પરથી જેહાદ અને મદિના રવાના થનારી ફલાઈટ માટે આ ઘટાડો લાગુ પડશે. આ પૈકી અમદાવાદથી આ વર્ષે જનારી હજયાત્રીઓની ફલાઈટનું ભાડું ૬૫,૦૧૫ રુપીયા રહેશે. જે ૨૦૧૩-૧૪માં ૯૮,૭૫૦ રુપીયા હતું. એજ રીતે મુંબઈથી હજયાત્રીઓની ફલાઈટનુ ભાડું ૫૭,૮૫૭ રહેશે. જે ૨૦૧૩-૧૪માં ૯૮૭૫૦ રુપીયા હતું.નકવીએ સરકારના આ પગલાંને મહત્વનો નિર્ણય ગણાવીને કહ્યુ કે તુષ્ટિકરણ વગર શસક્તિકરણની સરકારની નીતિને અનુરુપ આ નિર્ણય લેવાયો છે.કેટલાક નિર્ણયો ૨૦૧૯ ની આવનારી ચુંટણીઓને ધ્યાનમા રાખીને લેવામાં આવી રહ્યા છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
**http://jagadishchristian.com**
ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઇ શકાશે.

# નવ ક્રાંતિ

પાણી મળવું મુશ્કેલ થઈ જાય તો પણ આ પરિસ્થિતિ માટે વિચારવાની કોઈ ફુરસદ રાજ્યના નાગરિકોમાં જોવા મળતી નથી.લગભગ માર્ચ મહિનાની શરુઆતથી પાણીની ફાળવણીમાં કાપ મુકાવાનો શરુ થયો છે. સૌરાષ્ટ્ર કચ્છ અને સાઉથ ગુજરાતમાં પાણીના કકળાટના મંડાણ શરુ થઈ ગયા છે.સિંચાઈ માટે પાણી મળશે નહી એવું સ્પષ્ટ થઈ ગયું છે. જ્યારે રાજ્યના નાગરિકોને પીવાના પાણીનો પુરવઠો કેવી રીતે ફાળવવો તે અંગે તંત્રે સાવધ રીતે વિચારવાનું છે.સુરત માટે પીવાના પાણી માટે મોટી સમસ્યા ઉભી થઈ રહેલી છે.પાણી શુધ્ધ મળશે કે કેમ તે અંગે પણ પ્રશ્ન છે.પાણીના સ્તર નીચે જતાં રહેતાં પીવાનું પાણી પીળા કલરનું આવશે તેવું મનાઈ રહ્યુ છે.

આવી પરિસ્થિતિ હોવા છતાં સરકારે જાગૃતતા દાખવી નથી.કારણકે તહેવારોને કારણે ભારે પાણીનો બગાડ થઈ રહ્યો છે.પહેલાં તો થોડાક પાણીના છંટકાવથી હોળી રમાતી હતી હવે ટેન્કરોના ટેન્કરો પાણી લાવી તેનો છંટકાવ કરીને પાણીનો બગાડ કરવામાં આવે છે.અને જાગૃતિ માટે મથતા કેટલાક સેવાભાવી કાર્યકરોને પાણી બચાવ ઝુંબેશમાં ભારે અપમાનિત થવું પડ્યુ છે.કેટલાક સત્તારુઢ પક્ષના નેતાઓ,રાજકીય કાર્યકર્તાઓ,ધાર્મિક આગેવાનો પણ આ બાબતમાં રસ દાખવતા નથી અને પાણી બગાડને રોકવામાં એક શબ્દ ઉચ્ચારતા નથી.દેશના નાગરિકોના મહત્વના પ્રશ્ન માટે લોક જાગૃતિ માટે તેમની ફરજ તેઓ અદા કરતા નથી તે એક મોટી નબળાઈ છે.દિવસે દિવસે ધર્માંધતાનો નશો ખુબજ પ્રમાણમાં વધી રહ્યો છે અને તેના કારણે સભ્યતા,શિસ્ત અને સમય વિગેરે તુટી રહ્યા છે.છતાં તેનો કોઈને અફસોસ થતો નથી.પાંચ પચીસ લોકોની મનોવૃત્તિ કે રાક્ષસી મનોરંજનને પુરુ થવા દેવા માટે કોઈ ક શું કહેવા તૈયાર નથી.

આપણે ક્યા યુગમાં પ્રવેશી રહ્યા છીએ.જ્યાં સંસ્કાર,શિસ્ત,બુધ્ધિમત્તા વિગેરેને પડતી મુકવામાં આવી રહીછે.આવનારી પેઢીને આપણે શું આપી રહ્યા છીએ.દેશની સ્વતંત્રતાને સ્વચ્છંદતામા પરિવર્તિત થતી જોઈ રહ્યા છે અને તેના માટે લેશ માત્ર કશું કરી નહી શકવાની આપણી લાચારીને માણી રહ્યા છીએ.આવું કેમ બન્યું ? આ બનવા પાછળ ક્યા કારણો જવાબદાર છે. તેનું વિષ્લેશણ કરવાની જરુર છે.કેટલાક રાજકીય પક્ષોએ સત્તા મેળવી લેવા માટે અજમાવેલા કેટલાક નુસખાઓ આપણને નડી રહ્યા છે.સત્તા પર બેઠા પછી તેમના કાવાદાવાઓથી તેઓ સત્તા પર બેસવાને લાયક નથી એવું પ્રતિત નથી થઈ રહ્યું ?

## કાંચી કોટિ પીઠમના શંકરાચાર્ય જયેન્દ્ર સરસ્વતી બ્રહ્મલીન થયા

કાંચી મઠ પરંપરાને આગળ ધપાવનાર આધ્યાત્મિક પુરુષ જયેન્દ્ર સરસ્વતીની વિદાય થઈ.તેઓ ૮૩ વર્ષના હતા.કાંચીપુરમમાં મઠની નજીક આવેલી હોસ્પીટલમાં તેમની ચાલતી સારવાર દરમિયાન તેમનું નિધન થયું હતું.

કાંચી મઠના મેનેજર શંકરારામનની હત્યાના આરોપસર ૧૧ નવેમ્બર ૨૦૦૪ના રોજ જયેન્દ્ર સરસ્વતીની ધરપકડ કરાઈ હતી. તે સમયે રાજ્યમાં જયલલિતાની સરકાર હતી.એક સમય એવો હતો કે જયલલિતા શંકરાચાર્યને પોતાના આધ્યાત્મિક ગુરુ માનતા હતા.જો કોર્ટ પાછળથી તેમને આ આરોપોમાંથી છોડી મુક્યા હતા.

શંકરાચાર્ય જયેન્દ્ સરસ્વતીનો જન્મ ૧૮ જુલાઈ,૧૯૩૫ના રોજ તામિલનાડુંના મન્નારગુડી નજકી આવેલ ઈરુલનીકી ખાતે થયો હતો. તેમનું સાંસરિક નામ સુબ્રમણ્યમ મહાદેવ ઐયર હતું. ૬૮માં શંકરાચાર્ય ચંદ્રશેખર સરસ્વતીએ સુબ્રમણ્યમને ૨૨ માર્ચ ૧૯૫૪ના રોજ કાંચી મઠના પીઠાધિપતિ તરીકે બેસાડ્યા હતા. અને જયેન્દ્ર સરસ્વતી નામ આપ્યું હતું.

તેમના નિધનથી એક આધ્યાત્મિક અને સત્ય બોલનાર વ્યક્તિની ખોટ પડશે.તેમણે જ્યારે જ્યારે દેશને જરુર પડી છે ત્યારે દિશાસુચક નિર્ણયો બતાવ્યા છે.

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઈપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૪૭)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૪૮૧ | બી.ટેક.ઈન ઈલેક્ટ્રી.એન્જી.એન્ડ.ટેકનો. | ૧૨-૭-૯૦ | ૨૮,૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૪૮૨ | બીએસસી વીથ બીઝનેસ મેનેજ.(કેનેડા) | ૪-૧૨-૮૭ | ૧૫૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૮૩ | બીઈ.આઈટી,એમબીએ.(માર્કેટીંગ) | ૨૨-૨-૮૮ | ૩૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૮૪ | મા,ડીગ્રી,એમ.એચ.આર.એમ.બી.એસ.ડબલ્યુ. | ૫-૧૧-૮૯ | ૨૩૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૮૫ | એમએ.બી.એડ.એલએલબી.ડીએલપી | ૨૭-૪-૮૨ | ૯૦૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૪૮૬ | જી.એન.એમ નર્સીંગ ૩ ૧/૨વર્ષ | ૮-૭-૮૮ | ૩૫૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૮૭ | બીસીએ.(પોલેન્ડ) | ૨૧-૨-૮૭ | ૭૦૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૪૮૮ | માસ્ટર ઈન કોમ્પ્યુટર સાયન્સ | ૨૦-૧૧-૯૧ | ૧૩૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૮૯ | બીસીએ,એમએસડબલ્યુ. | ૨૦-૭-૮૮ | ૨૦૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૯૦ | બીએ(ઈંગ્લીંસ)એમએસડબલ્યુ | ૧૫-૬-૮૯ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૯૧ | માસ્ટર ઓફ સાયંસ | ૮-૧૨-૮૫ | ૪૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૪૯૨ | પીજી કોમ્પ્યુટર સાયંસ | ૧૬--૩-૮૬ | ૩ લાખ. | આર.સી. | કુંવારા |
| ૪૯૩ | ડીપ્લો.મીકે.ટુલ એન્ડ ડીઝા. | ૨૬-૮-૮૫ | ૫૦૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૮૦૪ | એમકોમ.એમએડ | ૮-૭-૮૩ | ૩૮૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૮૦૫ | બીકોમ.ઈકોનો.કોમ્પ્યુ. એમ.એસ. | ૧૪-૬-૮૯ | ૧૬૫૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૮૦૬ | આઈટીઆઈ ઈલેક્ટ્રીશ્યન એન્ડ કોમ્પ્યુ.કોર્સ | ૩-૧૧-૮૦ | ૧૨૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૮૦૭ | બીકોમ.બીપીએડ | ૨-૨-૮૪ | ૧૭૦૦૦ | મેથો. | કુંવારા |
| ૮૦૮ | ૧૨ પાસ (કોમ્પ્યુટર) | ૨૪-૩-૯૦ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૮૦૯ | એમએસ.ઓફી.લેબ.ટેકની. | ૧૮-૧૦-૮૬ | ૧૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૮૧૦ | પીટીસી.એમએ વીથ ઈંગ્લીંસ | ૧૨-૫-૮૬ | ૩૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૮૧૧ | પીટીસી.બીએ.બીએડ( અંગ્રેજી) | ૨૪-૭-૮૪ | ૧૯૯૫૦ | મેથો. | કુંવારા |
| ૩૩૦ | બીએસસી.આઈટી(અમેરીકા) | ૨૬-૧૧-૬૩ | ૪૦૦૦ડોલર | મેથો. | છુટાછેડા |
| ૩૧૫ | ૧૨ પાસ કોમ્પ્યુટર કોર્ષ | ૧૨-૩-૮૮ | ૧૨૦૦૦ | આઈ.પી. | વિધુર |
| ૩૧૬ | ૧૨ પાસ.આઈટીઆઈ | ૩૦-૭-૭૫ | ૧૫૦૦૦ | સીએનઆઈ | છુટાછેડા |
| ૩૧૭ | ૧૦ પાસ | ૨૬-૧૧-૮૬ | ૨૩૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૩૧૮ | એમબીબીએસ.એમડી.પીડીયાટ્રીશ્યન | ૧૩-૩-૮૩ | ૧ લાખ | સા,આર્મી. | છુટાછેડા |
| ૩૧૯ | જીએનએમ ૩ ૧/૨ વર્ષ | ૧૫-૧૧-૮૭ | ૪૦૦૦૦ | સા.આર્મી. | છુટાછેડા |

## ★ યુવતીઓ (૪૭) ★

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૮૮ | જી.એન.એમ. ૩ ૧/૨ વર્ષ નર્સીંગ | ૨૨-૭-૮૪ | ૨૫૫૦૦ | સા.આર્મી. | કુંવારી |
| ૪૮૯ | ૧૨પાસ,પેરામેડીકલ(૪વર્ષ ઓટી) | ૩૦-૯-૯૬ | - | આર.સી. | કુંવારી |
| ૪૯૦ | કેમી.એન્જી.માસ્ટર ડીગ્રી ચાલુ .ઓસ્ટ્રેલીયા | ૨૫-૭-૯૪ | - | મેથો | કુંવારી |
| ૪૯૧ | બીઈ(આઈટી)એમ.ઈ. કોમ્પ્યુ.સાયંસ | ૪-૫-૮૯ | ૩૦૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૪૯૨ | જીએનએમ. ૩ ૧/૨ વર્ષ નસીંગ | ૨૨-૨-૮૭ | ૩૮૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૪૯૩ | એમસીએ | ૬-૮-૮૪ | ૧૭૦૦૦ | સીએનઆઈ | કુંવારી |
| ૪૯૪ | જનરલ નર્સીંગ એન્ડ મીડવાઈફ | ૬-૬-૭૭ | ૪૦૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૪૯૫ | માસ્ટર ઈન સોશ્યલ વર્ક(ઈંગ્લીસ મીડીયમ) | ૧-૭-૯૦ | ૧૦૦૦૦ | એસેમ્બલી | કુંવારી |
| ૪૯૬ | જીએનએમ ૩ ૧/૨ નર્સીંગ | ૫-૧૦-૮૪ | ૧૬૦૦૦ | મેથો. | કુંવારી |
| ૪૯૭ | બીસીએ.એમબીએ | ૨૨-૧-૯૪ | - | મેથો. | કુંવારી |
| ૪૯૮ | એમએ.એમબીએ ચાલુ | ૫-૮-૮૯ | ૨૫૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૪૯૯ | માસ્ટર ડીગ્રી.ફીઝીકલ થેરાપીસ્ટ (અમેરીકા) | ૧૮-૮-૮૧ | ૪ લાખ | આર.સી. | કુંવારી |
| ૫૦૦ | બીટેક( ડેરી ટેકનો.)માસ્ટર ફુડ પ્રોસે.ટેકનો. | ૯-૭-૮૮ | ૫૦૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૪૦૫ | બીએ. જીએનએમ. નર્સીંગ ૩ ૧/૨વર્ષ નસ્રીંગ | ૧-૫-૮૩ | ૧૨૦૦૦ | બેરશેબા | કુંવારી |
| ૩૮૯ | બીટેક.કોમ્પ્યુ.સાયંસ એન્ડ એન્જી. | ૧૫-૪-૮૮ | - | આર.સી. | કુંવારી |
| ૪૦૮ | બીકોમ.(ઈંગ્લીસ મીડી.)એડ.ઈન્ફો.ટેકનો.ડાયા.ટેક. | ૨૪-૭-૮૧ | ૧૪૫૦૦ | સીએનઆઈ | કુંવારી |
| ૪૧૨ | બીએસસી.બીએડ.એમએસસી. | ૧૪-૫-૮૦ | ૩૫૦૦૦ | સીએનઆઈ | કુંવારી |
| ૫૩૨ | બી,કોમ. | ૧-૭-૮૧ | ૧૧૦૦૦ | સા.આર્મી. | કુંવારી |
| ૫૩૩ | બીકોમ.બીએડ.એમકોમ.એમએડ.પીજીડીસીએ. | ૫-૭-૮૧ | ૧૫૦૦૦ | સા.આર્મી. | કુંવારી |
| ૫૩૪ | બીએ. સાઈકોલોજી. | ૨૩-૨-૮૦ | ૧૨૦૦૦ | અલાયન્સ | કુંવારી |
| ૫૩૫ | એમએ.બીએડ | ૨૭-૬-૮૬ | - | આર.સી. | કુંવારી |
| ૫૨૫ | એમએબીએડ | ૫-૧૨-૮૬ | ૫૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૪૬૩ | એમ.એ. | ૧૪-૪-૮૭ | - | આર.સી. | કુંવારી |
| ૧૯૫ | એસએસસી.પાસ નર્સીંગ કોર્ષ | ૩-૯-૭૯ | ૧૬૦૦૦ | આર.સી. | વિધવા |
| ૧૯૬ | બીકોમ. કોમ્પ્યુટર નોલેજ | ૪-૧૧-૮૩ | - | મેથો. | છુટાછેડા |
| ૧૯૭ | એમએ બીએડ.(અર્થશાસ્ત્ર) | ૨-૭-૮૭ | ૧૨૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૧૯૮ | જીએનએમ ૩ ૧/૨વર્ષ નસીંગ | ૨૫-૯-૮૬ | ૧૦૦૦૦ | મેથો. | છુટાછેડા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**ડાયરેક્ટરશ્રી ભાઈલાલભાઈ એસ.ટેલર,**

**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ,**
**નડીયાદનો સંપર્ક કરવો.**

તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે

(૧) રજીસ્ટ્રેશન ફી યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.

(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઈપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક -યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઈન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.(૫)**visit by appointment only**

# કેન્દ્ર સરકારે ઢીલી નીતિ અપનાવી : પીએનબી કૌભાંડમાં સીટની તપાસ માંગનો કેન્દ્ર દ્વારા વિરોધ

૧૧,૩૦૦ કરોડના પીએનબી કૌભાંડમાં આરોપી નિરવ મોદી અને મેહુલ ચોકસીને ઝડપથી પકડવાના બદલે કેન્દ્ર સરકાર દ્વારા ઢીલી નીતિ અખત્યાર કરવામાં આવી રહી છે.નીરવ મોદી પ્રત્યાપર્ણ અને પીએનબી કૌભાંડમાં સ્વતંત્ર સીટ દ્વારા તપાસની માંગણી માટે જાહેર હિતની અરજીની સુનાવણી સુપ્રીમ કોર્ટમાં હાથ ધરાઇ હતી.

ત્યારે કેન્દ્ર સરકારે અરજકર્તા દ્વારા કરાયેલી સીટની માંગણીનો વિરોધ કર્યો હતો.કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં જ જણાવ્યુ હતું કે આ કેસમાં એફઆઇઆર નોધાઇ ચુકી છે અને વિવિધ એજન્સીઓ દ્વારા તપાસ ચાલી રહી છે. તેથી કેન્દ્ર સરકાર વતી હાજર રહેલા એટર્ની જનરલ કે.કે. વેણુગોપાલે જણાવ્યુ હતું કે હું વિવિધ આધારો પર આ અરજીનો વિરોધ કરી રહ્યો છું.આ કેસમાં વિવિધ એજન્સીઓ તપાસ કરી રહી છે તેમજ એફઆઇઆર નોધાઇ ચુકી છે તેથી આ કેસમાં સીટ દ્વારા તપાસનો કોઇ મતલબ નથી.કેન્દ્ર સરકાર સીટની રચનાનો વિરોધ કરે છે.ચીફ જસ્ટીસ દિપક મિશ્રાની બેન્ચે જણાવ્યુ હતું કે અમે આ મામલામાં અત્યારે કશું કહેવા માંગતા નથી.

# પંજાબ નેશનલ બેન્કના કૌભાંડ બાદ ૧૮ હજાર કર્મચારીઓની બદલી

ગુજરાતીમાં ઉક્તિ છે કે 'પાડાના વાંકે પખાલીને ડામ'. પંજાબ નેશનલ બેન્કમાંથી ૧૧,૩૦૦ કરોડ રુપીયાનું ફુલેકુ ફેરવીને નીરવ મોદી પલાયન થઇ ગયા.ત્યારબાદ બેન્કના વહીવટીતંત્રને લાગ્યું કે કંઇક કરવું જોઇએ અને તેમણે કર્મચારીઓની બદલી કરી નાંખી.કૌભાંડ બાદ બેન્કે અત્યાર સુધીમાં ૧૮ હજાર કર્મચારીઓની બદલી કરી નાંખી છે.નીરવ મોદી કૌભાંડ કેસમાં દરરોજ નવા પાસા ખુલી રહ્યા છે.ગીતાંજલી ગ્રુપના મેનેજર નીતિન શાહી અને સીએફઓ કપિલ ખંડેલવાલની ધરપકડ કરવામાં આવી છે.

નીતિને પીએનબીની બ્રેન્ડી હાઉસ બ્રાંચમાંથી એલઓયુ મેળવીને પ્રક્રિયા કરી હતી.આ એ જે એલઓયુ હતા જેનો બેન્કની સેન્ટ્લ બેન્કીગ સીસ્ટમમા કોઇ રેકોર્ડ ન હતો. નીતિન શાહી તા. ૫ માર્ચ સુધી સીબીઆઇ કસ્ટડીમાં રહેશે.

જ્યારે નીરવ મોદી સામે ઇન્કમ ટેક્ષ વિભાગે તપાસ શરુ કરી છે. ઇન્કમટેક્ષ વિભાગે જણાવ્યુ હતું કે જે રીતે દસ્તાવેજો મળી રહ્યા છે તેના પરથી એવું લાગી રહ્યું છે કે નીરવે મોટી કરચોરી કરી છે.આ ઉપરાંત તેને નોટિસ ફટકારવામાં આવી છે .બીજી તરફ ઇડીએ પણ નીરવ મોદીના અનેક સ્થળોએ દરોડા પાડ્યા છે.ઘોડા છુટી ગયા પછી તબેલા પર તાળા મારવા સરકારી ખાતા ચાલુ પડી ગયા છે.

# યુપીમાં યોગી સરકારે પોલીસ અધિકારીઓને ગુનેગારોને ઠાર મારવાના આદેશથી ખળભળાટ

ઉત્તરપ્રદેશમાં થઇ રહેલા સતત એન્કાઉન્ટર્સથી મોત ભાળી ગયેલા ગુનેગારોનો શરણે આવી જવાનો ખેલ ચાલુ થઇ ગયો છે.યોગી સરકારે જિલ્લા પોલીસ અધિકારીઓને ગુનેગારોને ઠાર મારી દેવાનો આદેશ જારી કરતાં આ વર્ષે યોગી સરકારમાં ૧૨૪૦ એન્કાઉન્ટર્સ થયા છે. જેમાં ૪૦ ગુનેગારોને ઠાર કરાયા છે. જ્યારે ૩૦૫ ગુનેગારો ઘાયલ છે.યુપી ડીજીપી કાર્યાલયમાંથી પ્રાપ્ત આંકડાઓ અનુસાર ૧૪૨ વોન્ટેડ ગુનેગારોએ રાજ્યોમાં કે રાજ્યની બહાર સરેન્ડર કર્યુ છે.તેના ગુનેગારો પણ સામેલ છે જેમના પર પોલીસે ઇનામ રાખેલું છે.

એન્કાઉન્ટર્સનો ભય એવો છે કે ૨૬ ગુનેગારો જામીન મળી જવા છતાં જેલ છોડવા તૈયાર નથી.૭૧ ગુનેગારોએ પોતાના બેઇલ બોન્ડસ કેન્સલ કરીને પરત જેલમાં પહોચી ગયા છે.એન્કાઉન્ટર્સના આદેશથી ગુનેગારો ગભરાયા છે.

# એપ્લોઇઝ પ્રોઇડંટ ફંડ દ્વારા ૨૦૧૭-૧૮ વર્ષ માટે વ્યાજ દરમાં ઘટાડો

મધ્યમવર્ગ અને નોકરિયાત ઉપર કેન્દ્રની સરકારે એક વધુ કોરડો ઝીંક્યો છે.એમ્પ્લોઇઝ પ્રોઇડંટ ફંડ ઓર્ગે. દ્વારા ૨૦૧૭-૧૮ના વર્ષ માટે વ્યાજ દરમાં ઘટાડો કરવામાં આવ્યો હતો.૨૦૧૭-૧૮માટે વ્યાજ દર ૮.૫૫ ટકા રાખવામાં આવ્યો હતો.આ વ્યાજદરમાં આ વર્ષે ૦.૧૦ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો હતો.દેખીતી રીતે સરકારનો આ નિર્ણય મધ્યમ અને નોકરીયાત વર્ગ માટે વધુ પરેશાન કરનારો છે.એ પહેલા એવી શક્યતા હતી કે વ્યાજદરને જાળવી રાખવામાં આવશે.આ માટેનું એક કારણ એવું હતું કે વર્તમાન વર્ષે ઇપીએફઓએ ઇક્વીટી પોર્ટફોલીયોમાં નફો કર્યો હતો.પરંતુ સરકાર નાની બચત પર ઓછું વ્યાજ ચુકવે છે તે બહાના હેઠળ આ થયું.


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬



**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃએ.એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨


# રાજ્યના લોકોને ન્યાય નહિં મળે તો પીડાદાયી સ્થિતિ સર્જાશે : ચંદ્રાબાબુ નાયડુ

આંધ્રપ્રદેશના મુખ્ય પ્રધાન એન.ચંદ્રાબાબુ નાયડુએ કેન્દ્ર સરકારને નવેસરથી ચેતવણી આપતાં કહ્યુ હતું કે રાજ્યના લોકોમાં કેન્દ્ર પ્રત્યે આક્રોશ વધ્યો છે.લોકોની લાગણીઓ ઘવાઇ છે અને તેમને ન્યાય નહીં મળે તો પીડાદાયક સ્થિતિ સર્જાશે.બેગલુર ખાતે હિંદુ અખબાર દ્વારા આયોજિત બે દિવસના સંમેલનમાં ભાગ લેતાં ચંદ્રાબાબુ નાયડુએ ઉપર મુજબ કહ્યુ હતું.૬૮ વર્ષની વયે પહોચેલા નાયડુએ જણાવ્યુ હતું કે ૨૯ વાર દિલ્હીની મુલાકાત લઇને વડાપ્રધાન અને પ્રધાનોને મળ્યો છું પરંતુ વર્ષ ૨૦૧૪માં અલગ તેલંગાણાની રચના થયા પછી બાકીના રાજ્યને નાણાંકીય મદદ કરવા કેન્દ્ર સરકારે આપેલા વચન પુરા થયા નથી.નાયડુએ કહ્યુ હતું કે પક્ષ તેલુગુ દેશમ પાર્ટી કેન્દ્રમાં એનડીએ સરકારનો સાથી પક્ષ છે.દક્ષીણ ભારતમાં આ પક્ષ ભાજપનો સૌથી મોટો સાથે પક્ષ હોવા છતાં આંધ્ર પ્રદેશને વિશેષ દરજ્જો આપવાની માંગણીનો સ્વીકાર નથી થઇ રહ્યો. આંધ્રને વિશેષ દરજ્જો મળે તો રાજ્યને વિશાલ કેન્દ્રીય ભંડોળ મળવાની શક્યતા ખુલ્લી થાય તેમ છે.

ચંદ્રાબાબુ નાયડુને જ્યારે પુછવામાં આવ્યું કે કેન્દ્રને સમર્થનના મુદ્દે તેમણે કોઇ મુદત આપી છે ? જવાબમાં નાયડુએ કહ્યુ હતું કે એક વર્ષ અર્થાત ચુંટણી સુધીની મુદત છે.આમ એનડીએના સાથી પક્ષો હવે ભાજપને સમર્થનના મુદ્દે કસોટી પર ચડાવી રહ્યા છે. શિવસેનાએ તો ૨૦૧૯ની ચુંટણી એકલે હાથે લડવાની જાહેરાત કરી નાંખી છે.

# કાનપુરની એક રાષ્ટ્રીયકૃત બેન્ક સાથે રુ.૩૦૦૦કરોડની ઠગાઇ આચરાયાનો કિસ્સો બહાર આવ્યો

દેશની રાષ્ટ્રીયકૃત બેન્કો સાથે ઠગાઇનો વધુ એક કિસ્સો બહાર આવ્યો છે. કાનપુર સ્થિત વિક્રમ કોઠારી પર આક્ષેપ મુકવામાં આવ્યો છે કે તેમણે પાંચ રાષ્ટ્રીયકૃત બેન્કોને રુ.૩૦૦૦ કરોડનો ચુનો લગાવ્યો છે.વિક્રમ કોઠારીએ આ રકમમાંથી એક પણ પૈસો બેન્કને પરત કર્યો નથી.જ્યારે આ મુદ્દો બહાર આવ્યો ત્યારે શરુઆતમાં તે રુ.૫૦૦ કરોડનો હતો. પરંતુ ત્યારબાદ આઆંકડો વધીને રુ. ૩૦૦૦ કરોડને આંબી ગયો હતો.મુંબઇના નીરવ મોદીથી થોડો અલગ પડતો કેસ છે.જેમાં રોમોટેક કંપનીના માલિક વિક્રમ કોઠારીએ બેન્ક પાસેથી લીધેલા નાંણાં પરત ન કરવાનો આરોપ છે.

વાસ્તવિકતા એ છે કે કોઠારીએ પોતાની સંપત્તિ અધિક દર્શાવીને તેમજ કેટલાક અધિકારીઓની મદદથી બેન્ક પાસેથી કરોડો રુપીયાની લોન લીધી હતી.જ્યારે લોન ચુકવવાનો સમય આવ્યો ત્યારે તેમના ખિસ્સા ખાલી થઇ ગયા હતા.

સેક્સી સ્ટાર ડેની મુરને સ્ટ્રીપ્ટીઝમાં કામ કરવા માટે છત્રીસ કરોડ રુપીયા મળેલા છે.

લોસ એંજલસની સ્ટાર હોલીવુડ રેસ્ટોરાંની મુતરડીઓમાં દરેક સ્ટેન્ડ પર ટીવી ગોઠવેલાં છે.

જહોન એફ કેનેડી ખુબ સારા વેન્ટ્રીલોકિવિસ્ટ એટલે કે અન્ય કોઇ વ્યક્તિ બોલે છે એ રીતે તેઓ બોલવાનું કૌશલ્ય ધરાવતા હતા.


**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**

**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# ભરપુર ચોમાસુ મળ્યુ છતાં રાજ્યમાં પાણીનો દુકાળ પડશે ?

રાજ્યમાં ભરપુર ચોમાસુ મળ્યુ છતાં પાણીનું વ્યવસ્થાતત્ર આયોજન કરવામાં નિષ્ફળ નિવડ્યું છે તેમ કહેવું યોગ્ય રહેશે.ગુજરાત માટે નર્મદામાંથી અપાતા પાણીની કટોકટી સર્જાઇ છે.કહેવાતી આપણી નર્મદા યોજના,જેની પાછળ અબજોનું આંધણ કરાયું,તેનો ઉપયોગ મતપેટીઓ છલકાવા પણ કર્યો છતાં આપણે મોકાના ટાઇમે નર્મદાના નીર માટે વલખાં મારવા પડે તો તેની માટે કોણ જવાબદાર ? હવે રાજ્ય સરકારે નર્મદાના સીપેજમાંથી મર્યાદિત જથ્થામાં પાણી ઉપાડવા માટે મંજુરી મેળવી છે.પરંતુ સૌરાષ્ટ અને કચ્છમાં ઉનાળા પુર્વે જ પાણીની તંગી શરુ થતાં સરકાર દ્વારા તાત્કાલીક ધોરણે સિંચાઇ વિભાગને સિંચાઇ માટે અનામત રાખેલા પાણીના જથ્થાને હવે પીવાના પાણી તરીકે અનામત રાખવા માટે આદેશો અપાયા છે.સોરાષ્ટ્રના રાજકોટ સિંચાઇ વર્તુળ હેઠળ આવતાં અંદાજે ૯૯ જેટલા જળાશયોમાં હાલમાં જે પાણીનો જથ્થો છે તેનું સિંચાઇ વિભાગે કરેલા આયોજન મુજબ વિતરણ થાય તો જુલાઇ માસ સુધી સૌરાષ્ટ્રમાં પાણી વિતરણ થઇ શકે તેવી સ્થિતિ છે. જો કે આ માટે આયોજનબધ્ધ રીતે પાણીનું વિતરણ થવું જોઇએ.

તાપી નદી જેવી બારેમાસ વહેતી વિશાલ નદીના કિનારે વસ્યુ હોવા છતાં સુરતમા પાણીનું સંકટ વધ્યું છે.તાપી નદી ઉપર શહેરમાં બાંધેલા વિયરના જળાશયમાં પાણીનું લેવલ પાંચ મીટરથી નીચે ગયું છે.તાપી નદીમાં ભળતી ગંદકી અને જળકુંભીના લીધે તાપીના કાચાપાણીની ક્વોલીટી તળીયે બેસવા માંડી છે.એટલે માર્ચ મહીનામાં ઉનાળાની શરુઆતમાં જ પાણી સપ્લાય વીસ મીનીટ ઘટાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.પાણીનું સ્તર પાચ મીટરથી નીચે જાય એટલે તાપી નદીમાં પાણીની ગુણવત્તા એટલી હદે ખરાબ થઇ જાય કે પાલિકા સુપર ક્લોરિનેશન કર્યા પછી પણ શહેરમાં પાણી સપ્લાય કરી શકે તેવી સ્થિતિમાં હોતી નથી.પાણીનો કલર ઇન્ડેક્સ ખુબ વધી જતો હોવાથી આછા પીળા કલરનું પાણી મળે છે.પાણીમાં હલકી દુર્ગંધ આવવા માંડે છે.પંરતુ વહીવટી તંત્ર પાણીની ગુણવત્તા જળવાઇ રહે અને તેના નાગરિકોને શુધ્ધ પીવાનું પાણી મળે રહે તે બાબતે બેદરકાર છે.

જો કે ઉનાળો આવતાં જ ખેતી માટે પાણી ન મળે, અને એપ્રિલ, મે માસમાં આવનારી તંગી ટાણે ખેતીના મોલ મુરઝાતા હોય તો પાણી ચોરીની સંભાવનાઓ વધી જાય છે.આ માટે સરકારે આયોજનો કરવા જરુરી છે.જળાશયો અને પાણીના સ્ત્રોતો પર સુરક્ષા બંદોબસ્ત મુકવા અને પાણીની ચોરી ના થાય તેવી વ્યવસ્થાનું આયોજન કરવું જોઇએ.

સરકારે ચુસ્ત પણ વર્તવું જોઇએ અને નાગરિકોને પાણીનો બગાડ ના થાય તે માટે સુચનાઓ આપવી જોઇએ. હોળી-ધુળેટીના તહેવારોમાં ઠેર ઠેર પાણીનો ભવ્ય બગાડ થતો હોવા છતાં કોઇને પણ આ બાબતે બોલતા મત લુંટાઇ જવાની બીક રહે છે.સરકારે મોટા તાયફાઓ કરતા પહેલા પાણીનો બગાડ ના થાય તે માટેના જ આયોજનો કરવા જોઇએ અને લોકોને દેખાડવું જોઇએ કે સરકાર આ બાબતે ખુબજ પ્રયત્નશીલ છે માટે તંગીમાં તે મદદ કરવા તૈયાર રહે.

## નવક્રાન્તિ સાપ્તાહિકની માલિકી અને તે અંગેની વિગત

### માહિતી : ફોર્મ નં.૪(જુઓ,રૂલ નં.૮)

૧.પ્રકાશન સ્થળ : ર-૧૦,સોનિયા એપાર્ટ,પી.ટીકોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭

૨.પ્રકાશનની સામાયિકતા : સાપ્તાહિક

૩.માલિક,મુદ્રક,પ્રકાશક : રોબિન જે. ધોળકીયા
નાગરીકતા : ભારતીય
સરનામુ : ર-૧૦,સોનિયા એપાર્ટ, પી.ટી.કોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭

૪.તંત્રીનુ નામ : રોબિન જે.ધોળકીયા
નાગરીકતા : ભારતીય
સરનામુ : ર-૧૦,સોનિયા એપાર્ટ,પી.ટી.કોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭

હું રોબિન જે. ધોળકીયા, આથી જાહેર કરુ છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ મુજબ અને માન્યતા મુજબ સાચી અને ખરી છે.

તા.૩-૩-૨૦૧૮ રોબિન જે.ધોળકીયા
સ્થળ:અમદાવાદ. માલિક,મુદ્રક,પ્રકાશક અને તંત્રી.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨


વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.


જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386


# કમલ હસને જન નીતિ મોરચા(મક્કલ નીતિ મય્યમ)પક્ષની સ્થાપના કરી

દક્ષિણ ભારતના સુપર સ્ટાર કમલ હસને પોતાના નવા રાજકીય પક્ષનો શુભારંભ કર્યો હતો .તેમણે પક્ષનું નામ મક્કલ નીતિ મય્યમ રાખ્યુ હતું.આમ આ નામનો અર્થ જન નીતિ મોરચો. પક્ષના લોન્ચીંગ કાર્યક્રમમાં દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પુર્વે હાસને રામેશ્વરમ ખાતે પુર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામના પરિવારજનો અને સ્થાનિક માછીમારો સાથે મુલાકાત કરી હતી.તેમણે કહ્યુ હતું કે વર્તમાન અન્નાદ્રમુક સરકાર અયોગ્ય હોવાતી રાજકારણમાં આવ્યા છે.આ કારણસર જ આ પક્ષના કોઇ સભ્યને મળ્યા ના હોવાની સ્પષ્ટતા પણ કરી હતી.ડો.કલામને ઘેર પહોંચીને પુર્વ અભિનેતા હાસને કમાલના ભાઇ-ભાભી અને કુટુંબીજનોની મુલાકાત કરી હતી.તેમણે કહ્યુ કે મહાનતા તો ઘરની સાદગીથી આવે છે.અહી પહોંચીને તે વાતનો અહેસાસ થાય છે.તથા મ્યુઝીયમની મુલાકાત લીધી હતી.

કમલ હાસને તામિલનાડુના પ્રવાસ કાર્યક્રમનો આરંભ કરવાનું કહ્યુ હતું.કલ હમારા હે. નામે હાથ ધરાનારા આ લોકસંપર્ક કાર્યક્રમમાં હાસન વિવિધ વિધાનસભા વિસ્તારમાં પહોંચીને લોકો સાથે સીધો સંપર્ક કરશે.

# ગૌહત્યા જોઇશું ત્યાં ગોળી મારી દઇશું : ગૌરક્ષકોનું વિવાદિત નિવેદન

નવી દિલ્હીના રામલીલા મેદાનમાં ચાલતા ગૌ માતા પ્રતિષ્ઠા આંદોલનમાં સામેલ એક નેતાએ વિવાદિત નિવેદન આપ્યું હતું.રાજસ્થાન ગૌરક્ષા કમાન્ડો ફોર્સના અધ્યક્ષ એસએસ ટાઇગરે મંચ પરથી કહ્યુ હતું કે જ્યાં પણ ગાયની હત્યા થતી જોવામાં આવશે ત્યાં જાહેરમાં ગોળી મારી દઇશું.તેમણે કહ્યુ હતું કે અમને કોઇ કાયદો કે બંધારણની પરવા નથી.જ્યાં ગાય કપાશે ત્યાં કસાઇ પણ કપાશે. ટાઇગરે કહ્યુ હતું કે તમને લોકોને એ દેખાતું નથી કે ગાયોની હત્યા થઇ રહી છે. મંત્રી અને નેતા મુંગા બની ગયા છે.પણ આપણે શું કરીશું . જો આપણી માતા સાથે કોઇ અત્યાચાર કરશે. તેમણે કહ્યુ કે અમારા માતાને કોઇ કાપશે તો અને તેને છોડીશું નહી.

અમે સંતોના આદેશની રાહ જોઇ રહ્યા છીએ.તેમણે કહ્યુ હતું કેજો મોદીજી ગૌમાતાને રાષ્ટ્રીય પ્રાણી નહીં બનાવે અને ગૌહત્યા પર સંપુર્ણ પ્રતિબંધ નહીં લગાવે તો જ્યાં પણ ગૌહત્યા જોઇશું ત્યાં જાહેરમાં જ ગોળી મારી દઇશું.

## જાણવા જેવું

જ્હોન એફ કેનેડી ખુબ સારા વેન્ટ્રીલોકિવિસ્ટ એટલે કે અન્ય કોઇ વ્યક્તિ બોલે છે એ રીતે તેઓ બોલવાનું કૌશલ્ય ધરાવતા હતા.
ડેન્માર્કમાં સાડાચાર ફુટ લાંબી એક ચુંગી છે.
પહેલી મોર્ડન ઓલિમ્પીક રમત ૧૮૯૬માં એથેન્સમાં યોજાઇ હતી.
અબરખ ધાતુનું સૌથી વધુ ઉત્પાદન ભારતમાં થાય છે
ઓલીવ ટ્રીનું આયુષ્ય ૧૫૦૦ વર્ષનું હોય છે.
કાચની શોધ ઇ.સ.૧૫૫૦માં ઇજીપ્તમાં થઇ હતી.
મહમંદ ગઝનીએ સોમનાથ મંદિરની લુંટમાંથી ગઝની શહેરમાં યામીની યુનીવરસીટીની સ્થાપના કરી હતી.એણે લુંટના પૈસા કાબુલ શહેરને ખુબસુરત બનાવવામાં વાપર્યા હતા.


ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગનવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.